# શહેરમાં વાદળિયું વાતાવરણ

**તેજ પવન સાથે ઠંડીનુ મોજુ : જનજીવન પ્રભાવિત : સૌરાષ્ટ્રમાં માવઠાની સાથે ગાંધીનગરમાં પણ સુસવાટા મારતા ઠંડા પવન વચ્ચે વાદળિયુ વાતાવરણ : દિવસ દરમિયાન પણ ઠંડા પવનના લીધે નગરજનો ગરમ કપડામાં લપેટાયા**



ગાંધીનગર તા ૬

સૌરાષ્ટ્રના વિસ્તારમાં માવઠાના લીધે આજે ગાંધીનગરમાં પણ આકાશી નઝારો બદલાયો હતો. સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે સુસવાટા મારતા પવનની સાથે ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. દિવસ દરમિયાન પણ નગરજનો આકરા પવન અને ઠંડીથી બચવા માટે ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. જયારે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં પણ ફેરફાર જોવા મળ્યો હતો. વાતાવરણ પલ્ટાના લીધે શહેર ઠંડીની લપેટમાં આવી જતા જનજીવન પ્રભાવિત થયુ હતુ.

ગાંધીનગરમાં આજે આકાશી નઝારો બદલાયો હતો. સૌરાષ્ટ્રના વિસ્તારમાં માવઠાના લીધે શહેરમાં પણ તેની અસર વર્તાઈ હતી. કમોસમી વરસાદના લીધે રાજયના વિવિધ ભાગોમાં વાદળિયુ વાતાવરણ સર્જાયુ હતુ. ગાંધીનગરમાં પણ સવારથી જ વાતાવરણ પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં વાદળોના ઘેરાવા વચ્ચે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં પણ ફેરફાર જોવા મળ્યો હતો. અલબત્ત લઘુત્તમ તાપમાન એક ડીગ્રી નીચે ઉતર્યુ હતુ. આજે દિવસ દરમિયાન ન્યુન્નતમ તાપમાન ૧૯.૨ ડીગ્રી રહ્યુ હતુ. ઠંડીનો પારો ઉંચકાવાની

● અનુસંધાન પાન-૭ પર

**મનપામાં સ્થાયી સમિતિ અને વહીવટીય પાંખ વચ્ચેનુ**

# યુદ્ધ શીત જરૂર બન્યુ પણ આક્રમકતા યથાવત દેખાઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગરપાલિકામાં સ્થાયી સમિતિ અને અધિકારતંત્ર વચ્ચેની ખાઈ વધુને વધુ ઊંડી થઈ રહી છે. ત્યારે આગામી દિવસો વધુ રાજકીય આક્રમકતા ભર્યા બનશે તેવા સંકેતો મળી રહ્યા છે.

સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં ભરતી કૌભાંડને લઈ તટસ્ટ તપાસ સમિતિની રચના અંગે કોઈજ પ્રકારની કાર્યવાહી કમિશનર દ્વારા કરવામાં આવી ન હોવાથી સમિતિએ કમિશનરને ઉગ્ર ઠકપો આપી કામગીરીની અમલવારી ઝડપથી કરવા જણાવ્યુ હતુ.

**ભરતી કૌભાંડની તપાસ સમિતિની રચનાની અમલવારી કરવા માટે કડક સૂચના અપાઈ**

દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળેલ આજની સ્થાયી સમિતિની બેઠકમાં વિવાદાસ્પદ દરખાસ્તો નહિ મોકલવાના નિર્ણય પછી પણ એક ધાર્મિક સ્થાનમાં પેવરબ્લોક લગાવવા માટે મોકલેલ દરખાસ્ત પરત મોકલી આપવાનો નિર્ણય અગાઉના નિર્ણયને ટાંકીને લેવામાં આવ્યો હતો.

આજની આ બેઠકમાં આસિ. કમિશનરની મંજૂર થયેલ જગ્યાનો ચાર્જ ફિડર કેડરના અધિકારીને આપવામાં આવે તેમજ મેડીકલ ઓફિસર ઓફ હેલ્થને શહેરમાં રોગચાળાની સ્થિતિ તેમજ આરોગ્યની અતિ સંવેદનશીલ સેવાઓ પર અશર આ વધારાના ચાર્જને કારણે પડે તેમ હોઈ તેમને આ ચાર્જમાંથી મુક્ત કરવાનો પ્રસ્તાવ જે નીતિન પટેલે રજુ કર્યો હતો તેને પણ બહાલી આપવામાં આવી છે.

તંત્ર સાથે સીધો સંઘર્ષ નહિ પણ તંત્રને ભીંસમાં લેવાની એક પણ તક સ્થાયી સમિતિ જતી ન કરવાના મૂડમાં હોય તેમ સ્પષ્ટ દેખાઈ રહ્યુ છે.

આજની બેઠકમાં હૈદ્રાબાદ ખાતે કાઉન્સીલરોની તાલિમ માટેના યોજાયેલ વર્કશોપમાં જવાની દરખાસ્તને બહાલી આપવામાં આવી છે.

આ ઉપરાંત પાલજ ખાતે મનપા દ્વારા બગીચો બનાવવા માટેના ટેન્ડરને તેમજ ધોળાકુવામાં આર.સી.સી.ના રોડ બનાવવા માટેના ટેન્ડરને પણ બહાલી આપવામાં આવી છે.

# પરીક્ષાર્થીઓના એક જુથનું આંદોલન યથાવત

ગાંધીનગર, તા.૬

સરકારી ભરતીમાં આ પહેલા પણ ગોટાળા થયા છે, તલાટી, લોકરક્ષક, વનરક્ષક, સહિત ૩૭ જેટલી ભરતીમાં પારદર્શકતા જળવાઈ નથી. આ પહેલી એવી ભરતી નથી કે જેમાં ગોટાળો બહાર આવ્યો છે. આ પરીક્ષા પહેલા પણ લેવાયેલી પરીક્ષામાં છબરડા બહાર આવ્યા છે. પરંતુ આ હવે છેલ્લો છબરડો હશે અને પછી ભરતીમાં છબરડો હશે તે ચાલશે નહીં તેવો સંકેત સરકારને આપી દેવાયો છે. હવે કોઈ પરીક્ષામાં ગેરરીતી કે છબરડો થશે તો ગુજરાતનો યુવાન નહી ચલાવી લેવાય. અમે ઉમેદવારોના સમર્થનમાં છીએ અને મેદાન છોડવાની અમને આદત નથી તેમ વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ સ્વર્ણીમ પાર્ક ખાતે ઉમેદવારોના સમર્થન સમયે જણાવ્યું હતું.

ગાંધીનગર શહેરના સ્વર્ણીમ પાર્ક ખાતે સતત ત્રીજા દિવસે પણ ઉમેદવારોનું બિન સચિવાલય કલાર્કની પરીક્ષા રદની માંગ સાથે આંદોલન યથાવત છે. પરંતુ આ આંદોલનમાં બે ભાગ પડી ગયા છે. ત્યારે ત્રીજે દિવસે પહેલા જેટલા ઉમેદવારોમાં ઉમળકો રહ્યો ન હતો. આંદોલનમાં ઉમેદવારોની સંખ્યા નોંધપાત્ર રહી હતી. પરંતુ કોંગ્રેસ પક્ષ દ્વારા ઉમેદવારોને સમર્થન આપવામાં આવ્યું છે. જેને પગલે પક્ષના નેતા અને સમર્થકોની સંખ્યા વધવા લાગી છે. ત્યારે ગતરાત્રી વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી ઉમેદવારોની સાથે બેઠા હતા અને

● અનુસંધાન પાન-૭ પર

## ઉમેદવારો શૌચાલયમાં સુઈ રહ્યા છે

ગાંધીનગર સ્વર્ણીમ પાર્ક ખાતે ઉમેદવારો બિન સચિવાલય કલાર્કની પરિક્ષા રદ કરવાના મુદ્દે અડગ નિર્ણય કરીને બેઠા છે. ત્યારે રાજયભરમાંથી હજ્જારો વિદ્યાર્થીઓ ભુખ્યા-તરસ્યા ન્યાય માટેની લડતમાં જોડાયા છે. રાત-દિવસ ઉજાગરા અને થાકયા-પાક્યા ઉમેદવારો શૌચાલયમાં સુવાની ફરજ પડે છે. તો કેટલાક ઉમેદવારો માતા-પિતા સાથે વાત થઈ શકે તે માટે શૌચાલયમાં બેસીને પોતાનો મોબાઈલ રીચાર્જ કરતા નજરે પડે છે.

## આંદોલનમાં વધુ એક ઉમેદવારની તબિયત લથડી

સતત ત્રણ દિવસથી આંદોલનમાં જોડાયેલા ઉમેદવારોની તબિયત બગડતી જાય છે. પહેલા દિવસે ત્રણ જેટલા ઉમેદવારોની તબિયત લથડતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. ત્યારે આજે સાંજે પાંચ વાગ્યાના અરસામાં વધુ એક ઉમેદવારની તબિયત બગડતા સારવાર માટે લઈ જવાયો હતો.



# કાઉન્સીલરો માટે સેવાસેતુ ૯ થી ૫ પણ તંત્રના અધિકારીઓ ૧૨ વાગ્યા બાદ ગુમ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૭ અને ૮ના આજે યોજાયેલ સેવાસેતુના કાર્યક્રમના કાઉન્સીલરોને લખાયેલા પત્રમાં દર્શાવેલા સમય પ્રમાણે કોઈ જ કામગીરી ન થતાં કોંગ્રેસી કાર્યકરોએ ભારે હોબાળો મચાવ્યો હતો.

આ સેવાસેતુમાં મહેસુલમંત્રી આવ્યા ત્યારે અધિકારીઓ અને પદાધિકારીઓએ દોટ મુકી હતી પરંતુ બપોરના એક વાગ્યા પછી પહોંચેલા સેવાઈચ્છુકોને પરત ફરવુ પડ્યુ હતુ.

આ મુદ્દે કાઉન્સીલર હિરલ જોશી સહિતના કાઉન્સીલર તેમજ કોંગી આગેવાનોએ રજુઆત કરી ત્યારે નાયબ મ્યુનિ. કમિશનરે મીટીંગમાં છુ તેવો જવાબ આપ્યો હતો. આ પછી અન્ય એક જવાબદાર અધિકારીનુ નામ આવતાં તેમનો સંપર્ક કરતાં તેમની સાથેની વાતચીતે ઉગ્ર શાબ્દીક ટપાટપીમાં પરિણમી હતી.

**વોર્ડના કાઉન્સીલરો અને અધિકારીઓ વચ્ચે શાબ્દીક ટપાટપી : લાભાર્થીઓ લાભ વિના રખડી પડ્યા**

એક તરફ સેવાસેતુને મળી રહેલી નિષ્ફળતાથી સરકાર સતત ચિંતા કરી રહી છે. તો ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૭ અને ૮માં સેવાસેતુનો લાભ લેવા ગયેલા પ્રજાજનોને સેવાઓથી વંચિત રહેવાનો પ્રસંગ બન્યો છે.

આ વોર્ડના કાઉન્સીલરો દ્વારા તંત્રના અધિકારીઓ દ્વારા કેવા ઉડાઉ જવાબો અપાયા અને પ્રજાને થયેલી પરેશાની તેમજ આ વોર્ડને કરવામાં આવતા અન્યાયની વિગતો સાથેનો એક વિસ્તૃત પત્ર રાજયના મુખ્યમંત્રીને મોકલવા માટેની રણનીતિ તૈયાર કરી દીધી છે અને સોમવારે આ અંગે લેખિતમાં મુખ્યમંત્રીને રૂબરૂ મળી રજુઆત કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. આ કાઉન્સીલરોએ વોર્ડની ગટર રિપેરીંગ, બિન અધિકૃત દબાણો અને ઝુંપડા દૂર કરવાની માંગ કરતુ આવેદન પત્ર પણ આપ્યુ હતુ.

# ચેનલ લાઈટીંગ સિસ્ટમથી શહેરના અન્ડર પાસમાં રોશની ઝળહળશે

**મુંબઇની પેટર્ન મુજબ અન્ડર પાસમાં લાઇટીંગ કરાશે : વાઇબ્રન્ટ ટાંણે રંગબેરંગી રોશની પણ જોવા મળશે**

ગાંધીનગર તા ૬

શહેરના ઘ અને ગ માર્ગ પર અન્ડર પાસ બનાવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. દાયકાના અંતે અન્ડર પાસની યોજનાને અંજામ આપવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના લીધે નગરના હાર્દસમા ઘ-૪ અને ગ-૪ વિસ્તારમાં ટ્રાફિકનો સિનારીયો બદલાશે. જયારે અન્ડર પાસના નિર્માણ બાદ સ્વર્ણિમ પાર્કને પણ સીધુ વિઝન મળશે. બીજીતરફ અન્ડર પાસમાં યોગ્ય લાઈટીંગ કરવા માટે પણ આયોજન કરાયુ છે. આ માટે મુંબઈ અન્ડરપાસ બેઈઝ ડિઝાઈન આખરી કરાશે જેના લીધે અન્ડર પાસમાં પણ ચેનલ લાઈટીંગની જળહળા જોવા મળશે જયારે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન રંગબેરંગી રોશની જળહળશે. અન્ડર પાસના આયોજન દરમિયાન પાથ પર યોગ્ય ઉજાસ પથરાય તે માટે વિશેષ પેટર્ન પર ચેનલ સિસ્ટમથી લાઈટીંગનુ કામ હાથ ધરાશે. શહેરના હાર્દસમા ઘ-૪ અને ગ-૪ વિસ્તારમાં અન્ડરપાસના મહત્વકાંક્ષી પ્રોજેકટને અનુલક્ષી સ્વર્ણિમ પાર્કને સળંગ જોડાણ આપવા માટે પણ ટુંકમાં ડિઝાઈન આખરી કરાશે જયારે અન્ડર પાસને અનુલક્ષીને આનુસંગિક સુવિધાઓ પણ ઉભી કરાશે. અન્ડરપાસમાંથી પસાર થતા વાહનચાલકોને પણ અલગ ફીલીંગ આવશે. અન્ડર પાસ બનાવાની યોજના અન્વયે હાલ ઘ-૪ નુ સર્કલ દુર કરી જરૂરી લાઈન પણ અન્ય ઠેકાણે ખસેડવામાં આવી રહી છે. કરોડો રૂપિયાના ખર્ચે હાથ ધરાનારા આ પ્રોજેકટ અંતર્ગત ટ્રાફિકની અવરજવરને સરળ

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા પિતરાઈ ભાઈશ્રી **પટેલ ઘનશ્યામભાઈ રમણભાઈ આદરભાઈ** તા. ૫/૧૨/૨૦૧૯ને ગુરૂવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૮/૧૨/૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : વિદ્યાર્થી આશ્રમ, ઉનાવા ગામ : ઉનાવા (બાલવા), તા. જી. ગાંધીનગર મો. ૯૯૦૯૯૧૨૮૩૩**

લી.
પટેલ જશુભાઈ શંકરભાઈ
પટેલ નંદુભાઈ શંકરભાઈ
પટેલ ગીરીશભાઈ જશુભાઈ

## બેસણું



અમારા પૂજ્ય માતૃશ્રી **ગં.સ્વ. પલ્લવીકાબેન દેવેન્દ્રભાઈ દવે** તા. ૫/૧૨/૨૦૧૯ના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા. ૭/૧૨/૨૦૧૯ને શનિવારના રોજ સાંજે ૩-૩૦ થી ૫-૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : દેવેન્દ્રભાઈ દવે, પ્લોટ નં. ૪૩૧/એ/૨, ગીતાંજલી પાર્ક, સેક્ટર-૮, ગાંધીનગર**

લી.
કાર્તિક દેવેન્દ્રભાઈ દવે (પુત્ર) ડો. શ્રુતિ વી. કુટે (પુત્રી)
ખ્યાતી કાર્તિક દવે (પુત્રવધુ) ઋચા એમ. ત્રિવેદી (પુત્રી)
રૂદ્રેશ દેવેન્દ્રભાઈ દવે (પુત્ર)

## પંદરમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



જન્મ તા. ૧/૬/૧૯૬૭ સ્વ. તા. ૭/૧૨/૨૦૦૪

**સ્વ. કાન્તાબેન વિઠ્ઠલજી મકવાણા**

આપનો માયાળુ સ્વભાવ, ધર્મનિષ્ઠ, કર્મનિષ્ઠ, પરોપકારી, સમભાવના, આપની કુટુંબ પ્રત્યેની અપાર વાત્સલ્યતા, ગુણોની સુવાસ એવી પથરાવી કે આપવું એ જ આપનો જીવનમંત્ર હતો. આપનું સ્થાન અમારા જીવનમાં દેવમૂર્તિની જગ્યા જેવું પવિત્ર છે.

આપના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા ચિરશાંતિ આપે એ જ પ્રાર્થના

વિઠ્ઠલજી કે. મકવાણા હિતેશ વિ. મકવાણા (પુત્ર)
સંજયકુમાર વી. ઠાકોર (જમાઈ) બિજલ હિતેશ મકવાણા (પુત્રવધુ)
નયનાબા એસ. ઠાકોર (દિકરી) ક્રિષા હિતેશ મકવાણા (પૌત્રી)
સ્મિત (ભાણો)

**સમસ્ત મકવાણા પરિવાર - ધોળાકુવા**

## વિસનગરા નાગર બેસણું



સ્વ.શ્રી **રમેશચંદ્ર રણછોડલાલ વ્યાસ** નો તા.૪-૧૨-૨૦૧૯ને બુધવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૮-૧૨-૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સત્સંગ આશ્રમ, મોડાસી ચોપટા, દરબાર રોડ, વિસનગર**

ગં.સ્વ. અવંતીકાબેન રમેશચંદ્ર વ્યાસ (પત્ની)
પંકજ વ્યાસ (પુત્ર) ૯૯૭૯૧ ૮૬૪૪૦ કિશોરી વ્યાસ (પુત્રવધુ)
મનોજ વ્યાસ (પુત્ર) ૯૯૨૫૧ ૪૭૮૫૪ બિંદુ વ્યાસ (પુત્રવધુ)

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
સમસ્ત દેસાઈ પરિવાર

## સ્મરણ-અંજલિ



મધુરિકાબેન કિશોરભાઇ દવે
જન્મ તા.૩૧.૧.૧૯૪૫ અક્ષરનિવાસ તા.૩૦.૧૧.૨૦૧૯

સૌ. મધુરિકા કિશોરભાઈ દવેએ તા. ૩૦/૧૧/૨૦૧૯ ના રોજ સ્વધામ યાત્રાએ પ્રયાણ કર્યું છે.

અંજલિ સ્થળ : "આલીશાન", ૧૯૯/૧, ગાયત્રી મંદિર સામે, સેક્ટર-૧, ગાંધીનગર
તારીખ : ૦૮/૧૨/૨૦૧૯, રવિવાર
સમય : સવારે ૯ થી ૧૧

લી.
કિશોરભાઈ ગોવર્ધનલાલ દવે
માલા-કિલ્લોલ ધરતી-સ્વપ્નિલ

કૃપયા શોક કરવો નહીં. સફેદ/કાળા કપડા પહેરવા નહીં.
ઉત્તરક્રિયા ફક્ત પરિવાર પુરતી સિમિત રાખી સંપૂર્ણ ધાર્મિક શાસ્રોક્ત વિધિ મુજબ સંપન્ન કરાશે.

## બેસણું



મારા ધર્મપત્ની શ્રીમતી **અનિતાબેન લક્ષ્મણરાવ ગાયકવાડ** નું તા.૨૯/૧૧/૨૦૧૯, શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૦૭/૧૨/૨૦૧૯, શનિવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ: બ્લોક નં.૯૩/૧, છ ટાઈપ સેક્ટર-૨૨, ગુરૂકુળની પાસે, ગાંધીનગર. (મો.૯૭૧૪૬૦૫૯૭૯ / ૯૧૭૩૮૫૮૮૧૦ / ૮૪૬૦૧૪૬૨૩૨)

લક્ષ્મણરાવ એન.ગાયકવાડ (પતિ) દેવિકા યુ. ગાયકવાડ (પુત્રવધુ)
ઉજ્જવલ એલ.ગાયકવાડ (પુત્ર) યુગ યુ. ગાયકવાડ (પૌત્ર)
ભવ્ય એલ.ગાયકવાડ (પુત્ર)
તથા સમસ્ત ગાયકવાડ પરિવાર


સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.

હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)



જુના દાગીનાનું પુરૂ વળતર

(શેરથાવાળા)
N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ